નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાના મહેકમની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત

નિયામક વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા. ગાંધીનગર
18 MAR 2020
શાખા....વહીવટી
ઇનવર્ડ નં....૪૭૫

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭(પા.ફા)/ અ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ૧૭/03/૨૦૨૦

**વંચાણે લીધાઃ-**

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૧/૦૨/૧૯નો ઠરાવ ક્રમાંકઃ-મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/ અ

૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૦/૦૨/૨૦૨૦નો ઠરાવ ક્રમાંકઃ-મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/ અ

૩. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.03/૧૨/૧૯નો ઠરાવ ક્રમાંકઃ-સશપ/૧૦૨૦૧૮/ન.બા.૫૯/અ.૧

૪. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૭/૧૨/૨૦૧૯નો પત્ર ક્રઃવિજાક/મકમ/૨૦૧૯-૨૦/૨૧૮૪

**<u>પ્રસ્તાવના:</u>**

૧. વંચાણે લીધા ક્રમાંક (૧)માં દર્શાવેલ તા.૦૧/૦૨/૧૯ના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાની કૂલ ૮૯૮ જગ્યાઓ તા.૨૯/૨/૨૦૨૦ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી.

૨. વંચાણે લીધા ક્રમાંક (૨)માં દર્શાવેલ તા.૨૦/૦૨/૨૦૨૦ના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, વર્ગ-૧ તથા સબ ઑડિટરની જગ્યા એબયન્સમાંથી મુક્ત કરાવેલ છે.

૩. વંચાણે લીધા ક્રમાંક (૩)માં દર્શાવેલ તા.03/૧૨/૧૯ના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળ નવા ત્રણ સરકારી કુમાર છાત્રાલયો તથા ૦૨ સરકારી કન્યા છાત્રાલયો માટે છાત્રાયાલ દીઠ એક મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૩ની કુલ ૦૫ નવી જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે.

૪. વંચાણે લીધા ક્રમાંક (૪)માં દર્શાવેલ તા.૧૭/૧૨/૨૦૧૯ના પત્રથી નિયામાકશ્રી(વિ.જા.)એ ખાતાની કુલ-૯03 જગ્યાઓની મુદત તા.૨૮/૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવઃ-</u>**

વિચારણાના અંતે વિકસતિ જાતિ કલ્યાણ ખાતાની વડી કચેરી, જિલ્લા કચેરીઓ, આદર્શ નિવાસી શાળા, સરકારી છાત્રાલય તથા ખાતા સંલગ્ન નિગમો ખાતેની દસ વર્ષીય ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ

17.3.2020 વહીવટ

પત્રક-અ મુજબની જગ્યાઓ તથા ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ નથી તેવી પત્રક-બ મુજબની જગ્યાઓ એમ કુલ-૯૦૩ જગ્યાઓ (૪૧૧ ભરાયેલ + ૪૯૨ ખાલી) ની મુદત તા.૨૮/૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવા નીચેની શરતોની આધિન આથી મંજુરી આપવામાં આવે છે.

**શરતો:**

(1) ૧ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યા એબેયન્સમાં મુકવાની રહેશે.

(2) એબેયન્સમાં મુકવામાં આવેલ જગ્યાઓ પર નિમણૂક આપતાં પહેલા નાણા વિભાગ (કરકસર પ્રભાગ)નો પરામર્શ કરી આ જગ્યાઓને એબેયન્સમાંથી મુક્ત કરાવી લેવાની રહેશે.

(3) ત્રણ વર્ષ કારતાં વધુ સમયથી ખાલી જગ્યા રદ કરવાની રહેશે.

(4) રદ થયેલ જગાઓ પર નિમણૂક આપી શકાશે નહિ, આ જગાઓ માટે નવેસરથી નવી બાબતની મંજૂરી લેવાની રહેશે.

(5) દસ વર્ષિય ભરતી કેલેન્ડરમાં સમાવેશ થયેલ ન હોય તેવી જગાઓ માટે ઉપરની ૦૪ શરતો લાગુ પડશે નહી.

(6) ભરતી કેલેન્ડરમાં સામાવેશ થયેલ નથી, તેવી પત્રક-બ ની જગ્યાઓ પૈકીની ડ્રાઇવર તથા રસોયા, વર્ગ-૪, પટાવાળા,વર્ગ-૪, ચોકીદાર,વર્ગ-૪ તથા વર્ગ.૪ ની જુદા જુદા સંવર્ગની ખાલી જગ્યાઓ પર હાલમાં ફરજ બજાવતા નિયમિત કર્મચારીઓ જેમ જેમ નિવૃત્ત થતા જાય તેમ તેમ ખાલી પડતી જગ્યાઓ રદ કરવાની રહેશે. આ જગ્યાઓની કામગીરી આઉટ સોર્સિંગથી કરાવવાની રહેશે.

(7) આ જગાઓના પગાર ભથ્થાનો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા સલાહકારશ્રી(સા.ન્યા)ની તા.૦૬/૦૩/૨૦૨૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

બિડાણઃ- પત્રક-અ અને પત્રક-બ

(આઇ.એમ.ઘાંચી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા) (નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતુ ગાંધીનગર મારફતે).
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી, વિ.જા.ક.,ગાંધીનગર મારફતે).

નં. વિજાક/મકમ/૨૦૧૯-૨૦/૧૨૫૧ થી ૧૨૯૮
નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ,
બ્લોક નં. ૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર
તા. ૧૮/૦૩/૨૦૨૦

**નકલ રવાના જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે,**

(૧) જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા.) ..........................................

(૨) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.) ..........................................

(પ્રણવ પી.વૈદ્ય)
નાયબ નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજય, ગાંધીનગર

**પત્રક-અ**

**ઠરાવ નં.મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭(પા.ફા)/અ, તા.૧૨/03/૨૦૨૦નું બિડાણ**

**ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ હોય તેવી જગ્યાઓ**

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યા | ક્રમ | જગ્યાનું નામ | જગ્યા |
|---|---|---|---|---|---|
| (અ)વડી કચેરી | | | | (બ)જિલ્લા કચેરીઓમા | |
| ૧ | નાયબ નિયામક | 3 | ૧ | નાયબ નિયામક | ૧૨ |
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી | ૪ | ૨ | સમાજ કલ્યાણ અધિકારી | ૨૧ |
| 3 | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૫ | 3 | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૩૪ |
| ૪ | સમાજ કલ્યાણ નિરીક્ષક | ૭ | ૪ | સમાજ કલ્યાણ નિરીક્ષક(કચેરી) | ૭ |
| ૫ | સીનીયર કલાર્ક | ૮ | ૫ | સીનીયર કલાર્ક | ૨૦ |
| ૬ | જુનીયર કલાર્ક | ૮ | ૬ | જુનીયર કલાર્ક | ૩૮ |
| | કુલ | ૩૫ | ૭ | સમાજ કલ્યાણ નિરીક્ષક(તાલુકા કક્ષા) | ૧૪૧ |
| | | | ૮ | સીવણ સંચાલિકા | ૨૦ |
| | (ક)આદર્શ નિવાસી શાળાઓમાં | | | કુલ | ૨૯૩ |
| ૧ | આચાર્ય | ૨૮ | | | |
| ૨ | મદદનીશ શિક્ષક/માધ્યમિક શિક્ષક, ચિત્ર-સંગીત શિક્ષક, શારીરિક શિક્ષણ શિક્ષક | ૩૫૨ | | (ડ)સરકારી છાત્રાલયોમાં | |
| 3 | મદદનીશ સ.ક.અધિકારી | 33 | ૧ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૬૬ |
| ૪ | જુનીયર કલાર્ક | ૨ | | કુલ | ૬૬ |
| | કુલ | ૪૧૫ | | | |
| | | | | (ઇ) સમરસ છાત્રાલય | |
| | (ફ) વિકસતી જાતિ કલ્યાણ સંલગ્ન નિગમોની કચેરી | | ૧ | સમાજ કલ્યાણ અધિકારી | ૪ |
| ૧ | મદદનીશ જિલ્લા મેનેજર | ૧૫ | ૨ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૬ |
| ૨ | જુનીયર ક્લાર્ક | ૧૫ | 3 | જુનીયર ક્લાર્ક | ૬ |
| | કુલ | 30 | | કુલ | ૧૬ |

(આઇ.એમ.ઘાંચી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

## પત્રક-બ

### ઠરાવ નં.મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭(પા.ફા)/અ, તા.૧૨/૦૩/૨૦૨૦નું બિડાણ

### ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ ન હોય તેવી જગ્યાઓની વિગત

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજુર જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | ખાલી જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | એક વર્ષ સુધીની | એક વર્ષથી ત્રણ વર્ષ | ત્રણ વર્ષથી વધુ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| (અ) વડી કચેરી | | | | | | | | |
| ૧ | નિયામક | વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | હિસાબી અધિકારી | વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | કાયદા સલાહકાર | વર્ગ-૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | સ્ટેનો ગ્રેડ-૧ | વર્ગ-૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | સ્ટેનો ગ્રેડ-૨ | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | સીનીયર ઓડીટર | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | ડેપ્યુટી ઓડીટર | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | સબ ઓડીટર | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | સંશોધન મદદનીશ | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | આંકડા મદદનીશ | વર્ગ-૩ | ૩ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૧૩ | ડ્રાયવર | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | પટાવાળા | વર્ગ-૪ | ૪ | ૨ | ૨ | ૨ | ૦ | ૦ |
| | કુલ (અ) | | ૧૭ | ૧૪ | ૩ | ૩ | ૦ | ૦ |
| (બ) જિલ્લા તથા તે હેઠળની કચેરીઓ | | | | | | | | |
| ૧ | ડ્રાઇવર | વર્ગ-૩ | ૭ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | પટાવાળા | વર્ગ-૪ | ૭ | ૫ | ૨ | ૨ | ૦ | ૦ |
| ૩ | રસોયા | વર્ગ-૪ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | રસોડા કામદાર | વર્ગ-૪ | ૫ | ૪ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૫ | હમાલ | વર્ગ-૪ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | સફાઇ કામદાર | વર્ગ-૪ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | ચોકીદાર | વર્ગ-૪ | ૫ | ૩ | ૨ | ૨ | ૦ | ૦ |
| | કુલ (બ) | | ૩૧ | ૨૬ | ૫ | ૫ | ૦ | ૦ |
| | કુલ (અ) + (બ) | | ૪૮ | ૪૦ | ૮ | ૮ | ૦ | ૦ |

(આઇ.એમ.ઘાંચી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ